# સામયિક મૂલ્યાંકન કસોટી

**ધોરણ: 5** | **ગણિત** | **જુલાઈ, 2020**

**સમય: 1 કલાક** | | **કુલ ગુણ: 25**

* <u>અ.નિ. (અધ્યયન નિષ્પત્તિ- Learning Outcome)</u>

અ.નિ. પોતાની આસપાસના પર્યાવરણમાં વપરાતી 1000થી મોટી સંખ્યાઓ વાંચે છે અને લખે છે.

**પ્રશ્ન: 1. નીચે આપેલ ખાલી જગ્યામાં સંખ્યાને અંકમાં કે શબ્દોમાં લખો.** (05)

1. એક હજાર ત્રણ : ____________
2. ______________ : 10,600
3. ______________ : 55,020
4. પાંસઠ હજાર ત્રણસો દસ : ____________
5. વીસ હજાર પાંચસો ઓગણપચાસ : ____________

અ.નિ. 1000 થી મોટી સંખ્યાઓની સ્થાનકિંમતના આધારે સરખામણી કરે છે.

**પ્રશ્ન: 2. માગ્યા મુજબ જવાબ આપો.**

1. નીચેનામાંથી કઇ સંખ્યા સૌથી મોટી છે ? (01)

   (a) 4582 (b) 4852 (c) 4528 (d) 4825

2. નીચેનામાંથી કયું સાચું છે ? (01)

   (a) 8920 < 8902 (c) 1897 < 1879

   (b) 5004 < 5040 (d) 7452 > 7542

3. નીચેનામાંથી કઇ સંખ્યા 10,000ની સૌથી નજીક છે ? (01)

   (a) 15,000 (b) 11,540 (c) 12,040 (d) 10,050

4. એક દુકાનદારે નીચેની વસ્તુઓ વેચવા માટે હોલસેલર પાસેથી ખરીદી કરી, તો તેણે કઇ વસ્તુના કેટલા રૂપિયા વધારે આપ્યા હશે ? (02)

| | વસ્તુ | વસ્તુના ભાવ | વસ્તુની સંખ્યા |
|---|---|---|---|
| 1. | મોબાઇલ | ₹ 5000 | 02 |
| 2. | ઈસ્ત્રી | ₹ 1000 | 12 |

અ.નિ. ચાર મૂળભૂત ક્રિયાઓના પરિણામનો અંદાજ કાઢે છે તથા ચકાસણી કરે છે.

**પ્રશ્નઃ 3. માગ્યા મુજબ જવાબ આપો.**

1. આપેલ કોષ્ટક પરથી નીચેના પ્રશ્નોના જવાબ આપો. (02)

| | ફળ | 1 કિગ્રાના ભાવ | કિંમત |
|---|---|---|---|
| 1. | ચીકુ | ₹ 40 | -- |
| 2. | કેરી | -- | ₹ 600 |

(a) 2 કિગ્રા ચીકુની કિંમત કેટલી થાય ?

(b) જો 4 કિગ્રા કેરીના ₹ 600 હોય તો 1 કિગ્રા કેરીનો ભાવ શું હશે ?

2. એક વર્ગના બધા વિદ્યાર્થીઓ ભેગા થઇ દર મહિને ₹ 32 બચાવે છે. તો 10 મહિનામાં કેટલા રૂપિયા એકઠા થશે ? (01)


3. નિશા પાસે 100 રૂપિયા છે. તેણે ચોથા ભાગના રૂપિયા ખર્ચી નોટબુક ખરીદી. બાકી બચેલ રૂપિયામાંથી 10 રૂપિયાની એક એવી 5 પેન ખરીદી તો હવે તેની પાસે કેટલા રૂપિયા બચત રહ્યા ? (02)

અ.નિ. ખૂણાઓને કાટકોણ, લઘુકોણ અને ગુરૂકોણમાં વર્ગીકૃત કરે છે તેમજ તેને દોરીને / ટ્રેસ કરીને રજૂ કરે છે.


**પ્રશ્નઃ 4. માગ્યા મુજબ જવાબ આપો.**

1. નીચે આપેલ આકૃતિમાં દર્શાવેલ ખૂણાને કાટકોણથી નાના, કાટકોણ અને કાટકોણથી મોટા ખૂણામાં વર્ગીકૃત કરો. (03)


(a)




(b)



(c)



2. નીચે આપેલ નામમાં માગ્યા મુજબ ખૂણાઓની ગણતરી કરો. (02)



(a) S અને U મૂળાક્ષરોમાં કાટખૂણાની સંખ્યા :

S = ______________ કાટખૂણા        U = ________કાટખૂણા

(b) A તથા M મૂળાક્ષરોમાં કાટખૂણાથી નાના ખૂણાઓની સંખ્યા


A = ________ કાટખૂણાથી નાના ખૂણાઓની સંખ્યા

M = ______ કાટખૂણાથી નાના ખૂણાઓની સંખ્યા

અ.નિ. આસપાસના પર્યાવરણમાં રચાતા ખૂણાઓને કાટકોણ, લઘુકોણ અને ગુરૂકોણ સ્વરૂપે દર્શાવે છે.

**પ્રશ્ન: 5. માગ્યા મુજબ જવાબ આપો.**

1. ઘડિયાળમાં કાંટા એવી રીતે દોરો કે જેમાં કાંટાઓ વચ્ચે નીચે દર્શાવેલ ખૂણા બને. (03)




(a) કાટકોણથી નાનો        (b) કાટકોણ        (c) કાટકોણથી મોટો

2. તમારા ઘરમાં રહેલ વસ્તુઓમાં ખૂણો બનતો હોય તેવી કોઈપણ બે વસ્તુનાં નામ તથા તેની સામે બનતા ખૂણાઓ લખો. (02)

| | વસ્તુનું નામ | ખૂણાઓનાં નામ |
|---|---|---|
| (1) | __________ | ____________________ |
| (2) | __________ | ____________________ |